## ટ્રેક નં. ૧૭ : અસ્તિ, અસ્તિત્વ વિષે

* મારી અસ્તિ છે ? હેં? હું જુદા અસ્તિત્વવાળો છું? અરે ! મને તો મારા અસ્તિત્વની ખબર જ નથી. ઓહોહો! તો સમય ના ગુમાવો. ચાલો મારા બેનશ્રી પાસે અને ઓળખી લો તમારા અસ્તિત્વને.

* માંગલિક :

* ભક્તિ : કાર્ય થાય તો પરિણામમાં એ દ્રવ્ય કાંઈ કરતું નથી. શુદ્ધ છો, પ્રભુ શુદ્ધ છો, અતીતકાળે વર્તમાનકાળે અનાગતે હું શુદ્ધ છું. પૂર્ણ છું, હું પૂર્ણ છું. મારે મને મારાથી જુઓ, કાર્ય કાંઈ મોટું નથી. (૨) છોડ્યા વિણ કશું બાહ્યમાં આ. ભાવમાં ખોટું નથી. નિત્ય છો, પ્રભુ! નિત્ય છો, અતીતકાળે, વર્તમાને અનાગતે હું નિત્ય છું.

* પ્રશ્ન : સત્ સ્વરૂપ છે. તો ગુણ આદિ સ્વરૂપ છે ?

● ઉત્તર : એ તો જે વસ્તુની જો હયાતી હોય, એ હયાતી હોય એમાં ગુણ હોય, જેમાં હયાતી જ જેને નથી એમાં ગુણ શેના હોય? ઈ બધા સત્—એટલે સત્ વસ્તુ છે, એક વસ્તુ છે. ચૈતન્ય એક છે. જડ છે. ચૈતન્ય છે. બધું છે, એનું અસ્તિત્વ હોય એમાં જ્ઞાન હોય, આનંદ હોય, બધું એ અસ્તિત્વ હોય એમાં બધું છે. અસ્તિત્વ જ નથી, જે વસ્તુની હયાતી જ નથી તો જ્ઞાન અને આનંદ શેમાં હોય? ગુણો છે બધા. જ્ઞાન, આનંદ બધા. જે સત્ એટલે વસ્તુ એક છે, એક હયાતી છે. હું એક આત્મા છું. ગુણ એટલે એક અસ્તિત્વ ગુણ, એક ચૈતન્યરૂપે અસ્તિત્વ છે. મારું આ જડ છે, ઈ મારું અસ્તિત્વ નથી. હું તો એક સત્ સ્વરૂપ આનંદ સ્વરૂપ આનંદ એક ગુણ છે. પણ સત્ એક વસ્તુ છે. ઈ વસ્તુનું મહત્વ છે. એમ વસ્તુ છે. વસ્તુ છે તો કેવી છે? જ્ઞાન અને આનંદથી ભરેલી છે. જ્ઞાન અને આનંદ છે શેમાં? સત્‌માં છે. હું એક આત્મા છું. પોતાનું અસ્તિત્વ ગ્રહણ કરવાનું છે. આ જડ તે 'હું' નથી. 'હું છું, હું એક અસ્તિત્વ સ્વરૂપ વસ્તુ છું.'

અસ્તિત્વમાં એક ગુણ ન લેવો, આખો આખો પદાર્થ એમાં આવી જાય છે. એક સત્‌રૂપ વસ્તુ છે. આખો પદાર્થ આવી જાય છે. એ પદાર્થ કેવો છે? એ જ્ઞાન અને આનંદ આદિ અનંત ગુણોથી ભરેલો છે. અસ્તિત્વની મહિમા છે કે પહેલા એમ ગ્રહણ કરે કે હું એક અસ્તિત્વ ગુણવાળો મારી હયાતી છે. હું એક અસ્તિત્વ. હું એક સત્‌ સ્વરૂપ આત્મા! ઈ સત્‌ કેવું છે? સત્‌માં બધું ભેગું આવે, જ્ઞાન જ્ઞાનરૂપ મારું અસ્તિત્વ છે. આનંદરૂપ મારું અસ્તિત્વ છે. મારું અનંત ગુણરૂપ અસ્તિત્વ છે. અસ્તિત્વ કેવું છે મારું? જ્ઞાન અને આનંદથી ભરપૂર મારું અસ્તિત્વ છે. એમ ગુણ અને દ્રવ્ય બધું ભેગું આવી જાય છે. એક સત્‌ને ગ્રહણ કરતાં.

**✻ પ્રશ્ન : જ્ઞાન છે આનંદ છે વેદન છે એવા ભાવ છે જેવું લાગે છે ને સત્‌માં ભાવ ન દેખાય?**

● ઉત્તર : ઈ તો એક વેદન છે, આનંદ છે, વેદન છે. એટલે ભાવથી ભરેલું દેખાય. જ્ઞાનમાં જાણવાના ભાવ છે. અટલે એ ભાવથી ભરેલું દેખાય છે પણ અસ્તિત્વ છે. એક ટકનારી વસ્તુ, જે વસ્તુ ટકતી જ નથી. ટકનારી વસ્તુ જે અનાદિ અનંત શાશ્વત છે. જે શાશ્વતી વસ્તુ જ નથી, તો જ્ઞાન અને આનંદ થશે શેમાં ? વેદન થાશે શેમાં? જે એક ટકી રહે છે વસ્તુ તો એમાં જ્ઞાન અને આનંદ છે. ટકનારી વસ્તુ જ નથી તો એમાં જ્ઞાન અને આનંદ શેમાં રહેશે?

**✻ પ્રશ્ન : ઉપાડ જ ત્યાંથી?**

● ઉત્તર : અસ્તિત્વથી થાય છે. અગ્નિ તે અગ્નિ છે. પાણી તે પાણી છે. પણ અગ્નિ ને પાણી ઓલામાં શીતલ ગુણ છે. ઓલામાં ઉષ્ણ ગુણ છે. એના ગુણોથી એમ પકડાય છે કે આ ઉષ્ણ હોય તે અગ્નિ છે. શીતળ તે પાણી છે એમ આત્મા જ્ઞાન જ્ઞાયક સ્વરૂપ જે જ્ઞાયક હોય, જે આત્માનું અસ્તિત્વ ધરાવે તે આત્મા છે. જે જાણતું નથી તે જડ છે, ઈ ગુણથી પકડાય છે પણ અસ્તિત્વ છે તો પકડાય છે. અસ્તિત્વ વગર જે દ્રવ્ય જ નથી. જે ધ્રુવ જ નથી. ધ્રુવ વગર ગુણો

શેમાં રહેશે? ધ્રુવ પોતે વસ્તુ છે.

✻ પ્રશ્ન : આખું વિશ્વ જ અસ્તિત્વથી ભરેલું છે. જડમાં છે તો અસ્તિત્વ છે?

ઉત્તર : અસ્તિત્વ ગુણને લઈને વસ્તુ હયાતી ધરાવે છે. અસ્તિત્વ નથી તો એ ગુણો શેમાં રહેશે? મારું એક ચૈતન્ય-જ્ઞાનગુણનું અસ્તિત્વ છે. આનંદનું અસ્તિત્વ છે. આનંદ અસ્તિત્વથી ભરેલો છે. જ્ઞાન આનંદ એ બધું અસ્તિત્વથી ભરેલું છે. પણ એનું વેદન તો-આનંદ ગુણનું વેદન, એ આનંદ સ્વરૂપ. જ્ઞાનનું જાણવા સ્વરૂપ, પણ એ વેદન અસ્તિત્વ વગર વેદન શેનું?

✻ પ્રશ્ન : પહેલાં સત્‌થી કારણ પહેલાં સત્‌રૂપ હોય?

● ઉત્તર : સત્ પહેલાં આ વસ્તુ છે, ધ્રુવ એક વસ્તુ છે. એમાં ભાવ ભલે ન હોય. 'છે' હયાતીથી ટકનાર. એનો ભાવ ઈ છે. હયાતી એનો ભાવ ઈ છે. હયાતી-જાણવાનો, આનંદનું વેદન. પોતે અનાદિથી દુઃખી થઈ રહ્યો છે. એ દુઃખથી છૂટવા માટે આનંદ, એમ કે સુખ આત્મામાંથી મળે છે. સુખ આત્મામાં છે, બહાર નહીં. ઈ શું આ તરફ વળ્યો, પણ સુખ શેમાં રહેલું છે? સુખ બહાર તો નથી. સુખ ક્યા પદાર્થમાં રહેલું છે? એક આત્મા પદાર્થ છે. જે હયાતી ધરાવે છે એમાં સુખ રહેલું છે. હયાતી વગર સુખ શેમાં રહે? હયાતી ભેગી હોય, હયાતીનો ભાવ છે. અસ્તિત્વનો ભાવ હયાતી ધરાવે, શાશ્વત છે. અનંત કાળ ગયો, અનંતા જન્મ, મરણો કર્યા. ગમે ઈ કર્યું પણ એનું અસ્તિત્વ-જ્ઞાયકનું અસ્તિત્વ તો જ્ઞાયકરૂપે જ રહેલું છે. ગમે એટલા ક્ષેત્રમાં રહ્યો. જડની સાથે રહ્યો. ગમે એવા ઉપસર્ગ, પરિષહ આવ્યા તો પણ એનું અસ્તિત્વ—જ્ઞાયકનું અસ્તિત્વ, ચૈતન્યનું અસ્તિત્વ ચૈતન્યરૂપે છૂટતું નથી. નાશ નથી પામતું. નિગોદમાં ગયો, નરકમાં ગયો, ગમે ત્યાં ગયો, ગમે એવા દુઃખો પડ્યા તો એનું અસ્તિત્વ ચૈતન્યનું છે. એ અસ્તિત્વ હયાતી ધરાવે છે, એનો ભાવ અસ્તિત્વ હયાતી ધરાવે છે પોતાની હયાતી—જ્ઞાયકની જ્ઞાયકરૂપ

હયાતી છૂટતી જ નથી. નાશ પામતી જ નથી. એનો ભાવ હયાતી ધરાવે છે. છે હયાતી ધરાવનાર વસ્તુ છે. એને કોઈ નાશ પમાડી શકતું નથી. એવી ધ્રુવ શાશ્વત વસ્તુ છે. એનો ભાવ-હયાતી ધરાવે છે.' ઈ વેદનમાં—એનું વેદન ઈ છે કે 'હયાતી ધરાવે છે.' જ્ઞાનનું જાણવાનું વેદન, આનંદનું આનંદરૂપ વેદન, હયાતી ધરાવે 'ઈ જાતનું એનું વેદન, હયાતી છે હયાતી એમ.

✻ પ્રશ્ન : નિર્ણય એમ છે?

● ઉત્તર : પોતે નિર્ણય કરે કે આ હું એક વસ્તુ છું. 'છે' એનો નિર્ણય થાય. ન હોય એ તો નિર્ણય શેનો છે? 'છે' એને ગ્રહણ કરે છે. 'નથી' એને ગ્રહણ શું? ઈ વસ્તુ છે. પોતે ભાવથી ભરેલો છે. ધ્રુવ-ખાલી ધ્રુવ નથી. જ્ઞાયક ધ્રુવ એમ. અસ્તિત્વ કયું? જ્ઞાયકનું અસ્તિત્વ, આનંદનું અસ્તિત્વ એમ. બધા ગુણો સહિતનું અસ્તિત્વ છે. ગુણો એમાં ભેગા આવે છે. ખાલી અસ્તિત્વ નથી. અસ્તિત્વ ખાલી લૂખું અસ્તિત્વ નથી. એ અસ્તિત્વ જ્ઞાન આદિ અનંતા ગુણોથી ભરેલું અસ્તિત્વ છે. હયાતી શેની? જ્ઞાનની હયાતી, આનંદની હયાતી, બધી હયાતી એમાં આવી ગઈ. બધાના ભાવો ઈ હયાતીમાં સમાઈ જાય છે. હયાતી એકલું હયાતી નથી. બધા ભાવો એમાં આવી જાય છે. અનંત ગુણના ભાવો ભેગા આવે છે અસ્તિત્વમાં.

✻ પ્રશ્ન : લક્ષણ જાણીને 'હું જ્ઞાયક છું, જ્ઞાયક છું' એમ આવે ત્યારે ઈ વસ્તુમાં અહંપણું થતા ભાવભાસનરૂપ થાય?

● ઉત્તર : લક્ષણને પકડી પહેલા આ જાણે કે 'હું જ્ઞાયક છું.' લક્ષણથી લક્ષ એવા ભેદથી જાણે કે હું સ્વ જ્ઞાયક છું. લક્ષણ એમ એને યથાર્થ પ્રતીત થાય છે હજી વિકલ્પ તો હોય છે, પણ પોતાનો સ્વભાવ જ્ઞાયક છે એમાં અસ્તિમાં જ પોતાનું સ્વપણું સ્વપણું, દૃઢરૂપે છે જેમ એકત્વબુદ્ધિમાં વિચાર નથી કરતો, કે આ આવી જાતની ધારા છે. એમાં હું એક છું એમ વિચાર નથી કરતો. તોય એકત્વબુદ્ધિ અનાદિની થઈ રહી છે. એકત્વબુદ્ધિથી ચાલે છે, એમ 'હું સ્વયં

જ્ઞાયક છું.' પહેલા લક્ષણ લક્ષ ભેદથી જાણે પણ પછી અંતરમાંથી અસ્તિ ગ્રહણ કરે ત્યારે 'હું જ્ઞાયક છું' બસ! એવી સ્વની એકત્વ-બુદ્ધિની ધારા સહજ અંતરમાંથી ગ્રહણ થાય. 'પોતાનું એકત્વ, પરનું ભિન્નત્વ' અંતરમાંથી ગ્રહણ કરે પછી વિકલ્પ છૂટીને પછી જે ધારા થાય ઈ તો કાંઈ સહજ ધારા થાય પણ એ અંતરમાંથી એવી રીતે સ્વયં પોતાની અસ્તિને ગ્રહણ કરે કે, 'હું સ્વયં જ્ઞાયક છું.'

* પ્રશ્ન : અસ્તિત્વગુણ પૂર્ણ શુદ્ધ છે. વસ્તુત્વગુણ પણ શુદ્ધ છે તો આપ કહો છો 'સર્વ ગુણાંશ તે સમ્યક્‌દર્શન' ઈ કેવી રીતે બેસે ?

● ઉત્તર : 'સર્વગુણાંશ તે સમ્યક્ત્વ'. એટલે જે ગુણોમાં શુદ્ધતા થઈ હોય, એની જે શુદ્ધતા થાય એ અપેક્ષાએ છે. જે ગુણો અનાદિ અનંત શુદ્ધ છે, એની અપેક્ષા એમ નહીં લેવાની. જે ગુણોમાં અશુદ્ધતા થાતી હોય એની અપેક્ષા લેવાની. સર્વ ગુણાંશ તે સમ્યક્ત્વમાં, કેટલાક ગુણો એવા છે જે અશુદ્ધ થાતા નથી અનાદિ અનંત શુદ્ધ છે અને કેટલાક ગુણો એવા છે કે જેમાં અશુદ્ધતા થાય છે પણ એની કાંઈ ગણતરી થાય નહીં. આમ એટલી ગણતરી હોય છે કે અસ્તિત્વ વસ્તુત્વ બધા શુદ્ધ છે પણ એવા ઘણામાં અશુદ્ધતા થાય છે. કારણ કે બધા ગુણોના શબ્દો કાંઈ શાસ્ત્રમાં આવે નહીં. જેટલું અનંતુ દ્રવ્ય છે. એટલા કાંઈ એના શબ્દો આવતા નથી. માટે જે ગુણોમાં અશુદ્ધતા થતી હોય એની શુદ્ધતા સમજી લેવી. 'સર્વ ગુણાંશ તે સમ્યક્‌દર્શન'માં. બાકી જે ગુણોમાં અશુદ્ધતા થાતી નથી એમાં ઈ અપેક્ષા ન લેવી. કારણ કે દ્રવ્ય આખું કાંઈ અશુદ્ધ થઈ ગયું નથી. અનાદિ અનંત દ્રવ્યમાં અનંતી શક્તિ ભરેલી છે. અનાદિથી જે અશુદ્ધતા થઈ છે એમાં કાંઈ આખું દ્રવ્ય અશુદ્ધ થઈ નથી ગયું. એટલે દ્રવ્યના બધા ગુણો કાંઈ અશુદ્ધ થઈ નથી ગયા. દ્રવ્યનો અમુક પ્રકાર જ અશુદ્ધ થઈ ગયો છે. જે જે ગુણોમાં અશુદ્ધતા થઈ હોય એની શુદ્ધતા થાય. એક સમ્યક્‌દર્શન થયું એની સાથે સંબંધ

રાખનારા જેટલા ગુણો હોય, જે એવી રીતે અધૂરી રીતે પરિણમતા હોય, કોઈ વિભાવરૂપે પરિણમેલા હોય એવા જે જે હોય ઈ બધાની શુદ્ધતા એમ સમજી લેવાની.

❀ બહેનશ્રી : ઈ તો ક્ષણ પૂરતું અસ્તિત્વ છે. ઈ તો ફરી જાય છે. વિભાવ ક્યાં ટકે છે? ઈ તો ક્ષણે ક્ષણે ફર્યા કરે છે. ત્યાં તો દૃષ્ટિ સ્થિર ક્યાં થાય એમ છે? એક અંતર્મુહૂર્તે છદ્મસ્થ ઉપયોગ અંતર્મુહૂર્તે અંતર્મુહૂર્તે ફરે છે. વિભાવ પર્યાય ઉપર તો દૃષ્ટિ સ્થિર જ ક્યાં થાય? પોતાનું અસ્તિત્વ જે શાશ્વત છે ત્યાં દૃષ્ટિ દે. ઈ જ્ઞાનનું અસ્તિત્વ, જ્ઞાયકનું અસ્તિત્વ શાશ્વત છે. પર્યાયનું અસ્તિત્વ કાંઈ શાશ્વત નથી. વિભાવ પર્યાયનું અસ્તિત્વ શાશ્વત નથી. પર્યાય ઉપર જે વિભાવ પર્યાય છે, ત્યાં બધે જ્ઞાયક ઈ તરફ જાય અને ઈ તરફ એની જ્ઞાન પર્યાય એ બાજુ જાય છે. અને વિભાવ થાય છે એટલે જ્ઞાન કાંઈ અશુદ્ધ નથી થઈ જાતું. એનો ઉપયોગ ત્યાં નથી. અશુદ્ધતા તો માત્ર વર્તમાન પર્યાયમાં છે. માટે દૃષ્ટિ તો ચૈતન્ય શાશ્વત અસ્તિત્વ ઉપર છે. અસ્તિત્વ ઓલું તો ક્ષણિક છે અને આ તો શાશ્વત છે. ભલે એ ક્ષેત્રે હોય તો પણ પ્રજ્ઞાછીણીથી બન્ને જુદા પડી જાય, તીક્ષ્ણ બુદ્ધિથી જ્ઞાયક ઉપર દૃષ્ટિ દે. ઓલું તો વિભાવ છે. સૂક્ષ્મ ઉપયોગ પોતે જ્ઞાયક ઉપર. શાશ્વત અસ્તિત્વ છે.

✻ પ્રશ્ન : અસ્તિત્વ જે છે તે બુદ્ધિપૂર્વક વિચાર કરીને જ નિર્ણય કરી શકે ને? કે આવો હું છું એમ?

● ઉત્તર : પહેલાં બુદ્ધિપૂર્વક, પણ એને અંતરમાંથી ગ્રહણ કરે, બુદ્ધિથી નિર્ણય કરે, પછી અંતરમાંથી જ્ઞાનની પર્યાય ઈ તરફ જઈને પોતે દૃષ્ટિ અંદરમાં ઊંડી ઊતરીને તીક્ષ્ણ દૃષ્ટિ થઈને પોતાનું અસ્તિત્વ ગ્રહણ કરે, પહેલા બુદ્ધિથી નિર્ણય તો કરે છે. પણ એને ગ્રહણ તો પોતે જ્ઞાનની પર્યાય ગ્રહણ કરી લે છે અંદરથી.

❀ બહેનશ્રી : જ્ઞાન ગુણ છે ને, એ અસાધારણ છે પણ જ્ઞાન ગુણ બીજાને જાણે એટલે જ્ઞાન એમ નહીં. સ્વતઃ સિદ્ધ પોતે જ્ઞાયક

જ છે. પોતાનું અસ્તિત્વ ગ્રહણ કરવું કે આ બધા પર્યાયો જે થાય. વિકલ્પ, ભાવ બધા પલટતા જાય છે. વિચારો જે આવે પલટતા, પણ એની અંદર જે શાશ્વત ટકનાર છે ઈ કોણ છે? એવું પોતાનું અસ્તિત્વ ગ્રહણ કરવું કે આ બધા પલટતા ભાવોની અંદર શાશ્વત ટકનારો, જે જે વિચારો આવે એને જાણનારો એમને એમ ટકતો ભાવ ઉભો રહે છે કે આ વિચારો આવ્યા, આ આવ્યા, એને જાણનારું તત્વ, એમને એમ ટકતું ઉભું રહે છે. બીજા ભાવો પલટતા જાય, એ ટકનારો ભાવ જે જાણનારો- કાયમનો જાણનારો છે, એનું અસ્તિત્વ ગ્રહણ કરે, બાકી એનો અધૂરો બહાર ઉપયોગ જાય એને લઈને તો પૂર્વે અનંતા ભવો કર્યા. અને ભવોને ભૂલતો આવ્યો છે કે ગયે ભવે ક્યાં? પણ આ ભવનું છે, ઈ એનું જ્ઞાન એટલું તો રહે છે કે ઈ ભાવ એકદમ એને કાયમ રહે છે. કે આ ક્યા ક્યા પર્યાયો થયા. નાનપણથી અત્યાર સુધીમાં ? અને ક્યા ક્યા વિચાર થયા ઈ બધાને જાણનારો ભાવ છે ઈ જાણનારનું અસ્તિત્વ એ ટકતો ભાવ છે. ઈ ટકતો ભાવ એને ગ્રહણ કર, પોતાનું મૂળ અસ્તિત્વ એને ગ્રહણ કર, ઈ અસ્તિત્વ પોતાનું એવું હોવું જોઈએ કે અસ્તિત્વ સ્વતઃ સિદ્ધ એને કોઈએ બનાવ્યું નથી કે કાંઈ અધૂરું ન હોય, એ તો પૂર્ણ હોય. પણ અધુરાશ તો પોતાને વિભાવ પર્યાયમાં પોતે ગયો છે. કર્મના નિમિત્તે એટલે અધૂરી પર્યાય જે જ્ઞાનની બધી થઈ ગઈ છે પણ મૂળ શક્તિમાં તો એ પૂર્ણ જ છે. શક્તિ તો એને પૂર્ણ છે. ઈ મૂળ શક્તિ જ એવી છે જ્ઞાયકરૂપે અનાદિ અનંત, એને ગ્રહણ કર. મૂળ અસ્તિત્વ ટકતો ભાવ, ઈ સદાને માટે ટકનારો, સ્વપ્નામાં આવે તો સ્વપ્નનો જાણનારો જુદો રહે છે. ઈ જાણનારો જે જુદો રહે છે એનું અસ્તિત્વ ગ્રહણ કર. ઈ ગ્રહણ કરવાને માટે એને એટલી તૈયારી, એટલી અંદરથી નિરાળાપણું આવે કે 'આ હું નથી, હું તો આ ચૈતન્ય અસ્તિત્વ મારું જે તે હું', એમ વારંવાર એને ગ્રહણ કર્યા જ કરે. કર્યા જ કરે. તો એમાં એની દૃષ્ટિ જામે અને એને શ્રદ્ધા આવે કે 'આ તે

હું,' એમાં દૃષ્ટિ જામે, એની લીનતા થાય, એનું જ્ઞાન થાય પણ વારંવાર એની પાછળ પડે તો ઈ અસ્તિત્વ એનું ગ્રહણ થાય.

✻ ભક્તિ : સ્થિર છો, પ્રભુ ! સ્થિર છો,
અતીત કાળે, વર્તમાને, અનાગતે હું સ્થિર છું.

✻ **પ્રશ્ન : અસ્તિત્વની ખુમારી ખૂબ આવી જતી હશે કે મારે હવે કોઈ ચીજની જરૂરત વગર પણ હું નભી શકું એવો પદાર્થ છું. એવો પોતાનો ભાવ કરીને વેદાતો હોય એવો ધ્રુવ છું ?**

● ઉત્તર : કે જ્યાં પોતાને તત્વની દૃષ્ટિ થઈ ત્યાં કોઈ ભાવકર્મ ટકી શકે છે, (એમ નથી) સ્વતઃ સિદ્ધ વસ્તુ કોઈ પદાર્થ વગર ટકનારો છું. ત્યાં એને દ્રવ્યની પ્રતીત થાય છે. પ્રતીતમાં તો બધું બળ સાથે આવી જાય. પ્રતીત તો એને દ્રઢ જ છે. 'કોઈ પદાર્થનો આશ્રયથી હું ટકું એવું તત્વ નથી. હું સ્વયં ટકનારો છું, સ્વયં વસ્તુ જ છું' એવી પ્રતીત તો પહેલા સમ્યક્‌દર્શનમાં જ એને આવી જાય પછી તો એને લીનતા વધતી જાય. સ્વરૂપનું વેદન વધતું જાય છે. સ્વાનુભૂતિ વધતી જાય અને એને સવિકલ્પદશામાં પણ એને અંશે અંશે જ્ઞાયકની ધારા, લીનતા, શાંતિ, વેદન એ બધું વધતું જાય છે. પોતાનું અસ્તિત્વ—એને સ્વયં ટકનારો છું એમ એને પ્રતીતમાં આવી ગયું છે, પણ સ્વરૂપમાં જ રહેવું, બહાર ન જાય, સ્વરૂપમાં જ આનંદ, સ્વરૂપમાં જ શાંતિ, સ્વરૂપથી બહાર જાવું એને—મુશ્કેલ પડે એવી દશા એની વધતી જાય છે. અલ્પ અસ્થિરતાને લઈને જાય છે. પણ એની ઉગ્રતા આવી જાય છે. ભેદજ્ઞાનની ધારા દ્રવ્યની પ્રતીતનું બળ વધતું જાય છે. લીનતા વિશેષ વધતી જાય છે.

✻ **પ્રશ્ન : પોતાના સ્વભાવ તરફ વળે તો એ જાતની ખટક થવાનો ત્યાં આશય છે કે ?**

● ઉત્તર : સ્વાધ્યાય, મનન, ચિંતન ઈ બધાનો હેતુ શું ? 'મારે આત્માનું સ્વરૂપ પ્રગટ કરવું છે. મારે આત્માને ઓળખવો છે ? સ્વાધ્યાય ખાતર સ્વાધ્યાય, એનું મનન, ચિંતન એમ નહીં. પણ આનું

મારે હેતુ શું? ધ્યેય એક ચૈતન્ય તરફનું છે, મારું ધ્યેય એક ચૈતન્ય સ્વભાવ પ્રગટ કરવો છે, એક શુભ ભાવ પુરતું સ્વાધ્યાય, મનન એમ નહીં. આનો હેતુ. 'મારે ચૈતન્ય કેમ પ્રાપ્ત થાય?' એવી ખટક રહેવી જોઈએ. 'મારો સ્વભાવ કેમ ઓળખાય? મને ભેદજ્ઞાન કેમ પ્રગટ થાય? મારું ચૈતન્ય દ્રવ્યનું અસ્તિત્વ–હું ચૈતન્ય છું. એ કેમ મને ગ્રહણ થાય?' એવી ખટક રહેવી જ જોઈએ.

✻ પ્રશ્ન : માતાજી! અસ્તિત્વ ગુણ છે પણ એનો ખ્યાલ નથી આવતો. એ અસ્તિત્વ ભાવ એનું મૂલ્ય ખુબ જ છે. જેમ હવા વગર ચાલે નહીં તેમ એનું મહત્વ ખૂબ છે.

● ઉત્તર : એનું અસ્તિત્વ એ રીતે પરિણમી રહ્યું છે, જ્ઞાયક સ્વભાવનું અસ્તિત્વ છે, એમ કહેવા માગે છે. અસ્તિત્વ તે રૂપે પરિણમી રહ્યું છે. પ્રતિભાસ અને પ્રતિભાસિત–જ્ઞાન જ્ઞાનરૂપે છે. પણ એનું એને પ્રતીત નથી. અનુભૂતિ નથી. પ્રગટ અનુભૂતિ-વેદન નથી. વેદનની અનુભૂતિ નથી. પણ સ્વભાવ સ્વભાવરૂપે છે, અનાદિ અનંત જેમ છે તેમ છે. અનાદિથી જ્ઞાનસ્વભાવ છે. એમ. જ્ઞાન સ્વભાવ જ્ઞાન સ્વભાવરૂપે પરિણમી રહ્યું છે, તો એની એને મહિમા નથી ચાલતી. જ્ઞાન જ્ઞાન સ્વભાવી છે. મહિમા આવે તો તો પોતા તરફ વળી જાય. ખરી મહિમા આવે તો તો વળી જાય. જ્ઞાન જ્ઞાન સ્વભાવરૂપે છે. જ્ઞાન જ્ઞાન છે, એની મહિમા આવે તો પોતા તરફ વળી જાય.

✻ પ્રશ્ન : સત્ પોતાને ત્રિકાળ જણાવી રહ્યું છે. ક્ષણિક નથી જણાવતું. એ કેવી રીતે કહેવું છે?

● ઉત્તર : સત્, સત્ છે ઈ પોતે ત્રિકાળ જણાઈ રહ્યું છે. જે સત્ હોય, સત્ એનું નામ જ કહેવાય કે જે સત્ સ્વયં અસ્તિત્વરૂપે છે, ટકનારી ચીજ હોય, જે ક્ષણિક હોય ઈ તો એની પર્યાય છે. ક્ષણિક હોય વાસ્તવિક રીતે સત્ કોને કહેવાય? જે સ્વતઃ સિદ્ધરૂપે છે, જે 'છે' અસ્તિત્વ ધરાવી રહ્યું છે. અનાદિ અનંત જે અસ્તિત્વ

ધરાવી રહ્યું છે એનું નામ જ સત્ કહેવાય. સત્ પોતે પોતાને ત્રિકાળ જણાવી રહ્યું છે. સત્ છે તે સ્વયં સ્વતઃસિદ્ધ અનાદિ અનંત છે. જે ક્ષણિક હોય તો એની પર્યાય હોય, ક્ષણિક હોય ઈ કાંઈ અનાદિ અનંત સત્ છે એમ એને કહી ન શકાય. વાસ્તવિક સત્ એને કહેવાય કે જે ત્રિકાળ હોય, તેજ ખરું સત્ છે. અનાદિ અનંત જે ત્રિકાળ ટકનારું છે. એ સત્ છે અનાદિ અનંત સત્ છે, ઈ સત્ પોતાને ત્રિકાળ જણાવી રહ્યું છે. એ સત્ કોઈએ બનાવેલું નથી. સત્ માત્ર સ્વયં અસ્તિત્વરૂપ છે. ત્રિકાળ છે. પર્યાયને સત્ કહેવાય છે. ઈ તો એની પર્યાય છે. ક્ષણે ક્ષણે પલટનારી. ત્યાં સત્‌ને ત્રિકાળ સત્‌ની વાત કરી છે. જે સત્ અનાદિ અનંત ત્રિકાળ હોય, ઈ સત્ પોતે પોતાને સત્ રૂપે ત્રિકાળ છે. એમ સત્ છે. સત્ કાંઈ બહારથી આવતું નથી. એને કોઈ બનાવતું નથી. સત્ છે તે સ્વયં સિદ્ધ સત્ છે. એ સ્વયં સિદ્ધ સત્ હોય તે ત્રિકાળ જ હોય, ઈ કોઈથી નાશ થાય નહીં. કોઈથી ઉત્પન્ન થાય નહીં એ એવું સત્ છે તે ત્રિકાળ સત્ છે અને સત્ તે જ્ઞાયકરૂપે સત્ છે એનો જેને ભરોસો આવે તો એને શાંતિ પ્રગટ થાય.

**✻ પ્રશ્ન : જે એને પોતાના વેદન ઉપરથી જ ખ્યાલમાં આવે છે ને કે આ જે વેદન છે, આ જાણવું થાય છે ઈ જાણવું ટકેલું છે, ઈ ટકેલું છે ઈ કાયમી ચીજની પરિસ્થિતિ છે. એના ઉપરથી જે પોતે ?**

● ઉત્તર : સત્‌ને નક્કી કરે છે પોતે કે આ જે સત્ છે, આ જે જ્ઞાન છે ઈ પોતે ત્રિકાળ સત્ છે. ત્રિકાળ સત્‌નો આ જ્ઞાન સ્વભાવ છે, એ એમાંથી આવતી આ પરિણતિ છે. ત્રિકાળ સત્‌માંથી પરિણમેલી જ્ઞાનની પરિણતિ છે. પોતે નક્કી કરે છે. પોતાનું સ્વયં અસ્તિત્વ અનંત શક્તિથી ભરેલું છે. ઈ સત્ અનંત શક્તિથી ભરેલું છે. જેમાં અનંતતા ભરેલી છે. જ્ઞાન સ્વભાવ એમાં એનો છે એમ પોતે નક્કી કરે, એની પ્રતીત કરે તો એમાં શાંતિ છે. એ પર્યાયમાંથી શાંતિ પ્રગટે ઈ પ્રમાણે ભેદજ્ઞાનની પરિણતિ પ્રગટ કરે કે 'હું સત્,

જ્ઞાયક સત્ તે હું છું. આ વિભાવ પરિણતિ તે મારો મૂળ સ્વભાવ નથી. આ જ્ઞાનસ્વભાવ જે અસ્તિત્વ તે જ હું છું.' એવી પરિણતિ પ્રગટ કરીને એમાં દઢતા કરે, લીનતા કરે તો એમાંથી એને સ્વાનુભતિ પ્રગટ થાય છે.

✻ પ્રશ્ન : 'અંધારામાં નથી' તો એમ કહેવાનું એની પાછળનું પ્રયોજન શું?

● ઉત્તર : એનો તો બે સ્વભાવ—એક રાગ સ્વભાવ-વિભાવ ને એક જ્ઞાન સ્વભાવ. 'હું જ્ઞાયક છું.' એમ કહેવાનું પ્રયોજન એમ છે કે તું ક્ષણિકમાં નહીં રોકાતો જે શાશ્વત છે એને ગ્રહણ કર. આ બધી પર્યાયો છે તે ક્ષણે ક્ષણે પલટનારી છે. એનું તું જ્ઞાન કર. એમાં તું અટકતો નહીં એમ કહેવું છે. હજી સાધક દશાની પર્યાય છે એટલા પૂરતું તારું સ્વરૂપ નથી. તારું સ્વરૂપ અનાદિ અનંત સત્ જ્ઞાયક જે અનાદિ અનંત છે તે 'હું' છું. એમાં એ ક્ષણિકમાં તું નહીં અટકતો પણ મૂળ સ્વભાવ જે છે એને ગ્રહણ કર, એને નહીં અટકાવવા, મૂળ વસ્તુ ગ્રહણ કરાવવા માટે, દ્રવ્યદષ્ટિ જે મુખ્ય એનું પ્રયોજન છે. દ્રવ્યદષ્ટિ પ્રગટ કર અને આ બધું જ્ઞાન કર. પર્યાય નથી એટલે એમાં સાધક દશા નથી પ્રગટ થઈ, એમ નહીં. સાધકદશા પ્રગટે છે, બધી પર્યાયો થાય છે. સાધક દશાની પર્યાયો. પણ એટલા પૂરતો તું નથી. તું તો વસ્તુ છે એને ગ્રહણ કર. પર્યાયમાં નહીં રોકાતા મૂળ દ્રવ્ય ઉપર દષ્ટિ કર એમ કહે છે. પર્યાય વચ્ચે આવે છે. એનું જ્ઞાન કરે, સ્વાનુભૂતિ પ્રગટ થાય ઈ પણ પર્યાય છે. ઈ વેદનની પર્યાય પણ પર્યાય છે. પણ તું દ્રવ્ય ઉપર દષ્ટિ કર, એમાં વચ્ચે શુદ્ધ પર્યાયો પ્રગટ થાય વેદનમાં, દષ્ટિ તો દ્રવ્ય ઉપર રાખજે. દષ્ટિ પ્રગટ કરવા માટે પ્રયત્ન કર.

✻ પ્રશ્ન : માત્ર એક ગુણ નહીં પણ અનંત ગુણનો પીંડ એવું જે દ્રવ્ય છે એવું મારું અસ્તિત્વ છે તે હું છું?

● ઉત્તર : એવું મારું અસ્તિત્વ તે હું છું. પીળું એટલું સોનું

નહીં પણ સોનામાં બીજા ઘણા ગુણ છે. આવું સોનાનું આખું અસ્તિત્વ તે સોનુ છે. જ્ઞાન જ્ઞાયકથી આખો અનંત ગુણથી ભરેલો દ્રવ્ય તે 'હું' છું. ઈ જ્ઞાન કહીને ગુરુદેવને, આચાર્યદેવને જ્ઞાન કહીને જ્ઞાયક કહેવો છે, જ્ઞાન ગુણ અસાધારણ છે એટલે જ્ઞાન દ્વારા ઓળખાવે છે કે 'જે જ્ઞાન તે હું, જ્ઞાન તે તું છો' એમ ઓળખાવે છે. લક્ષણથી લક્ષ ઓળખાવે છે. આચાર્યદેવ અને ગુરુદેવને એમ જ કહેવું છે કે 'જ્ઞાન તે તું, એટલે કે જ્ઞાયક તે તું,' એમ કહેવા માગે છે.

✻ પ્રશ્ન : કહેવાનો ભાવ એમ છે જ્ઞાયક તે 'હું'?

● ઉત્તર : 'જ્ઞાયક તે તું છો' એમ કહેવા માગે છે જ્ઞાન કહીને, કારણ કે જ્ઞાન બધાને ઓળખી શકાય છે. જ્ઞાન અસાધારણ ગુણ છે. લક્ષણ દ્વારા લક્ષને ઓળખાવે છે. ગુરુદેવ એમ કહેતા હતા અને બધું એમ શાસ્ત્રોમાં પણ એમ આવે છે. શાસ્ત્રોના રહસ્ય ગુરુદેવે જ ખોલ્યા છે. જ્ઞાન કહીને જ્ઞાયક કહેવા માગતા'તા.

✻ પ્રશ્ન : મિશ્ર સ્વાદ આવે જ્ઞાન કહીને જ્ઞાયક જ ગુરુદેવે પણ દર્શાવ્યો.

● ઉત્તર : હા. ગુરુદેવ જ્ઞાન કહીને જ્ઞાયક કહેતા, આવે છે ને આમાં સદા સંતુષ્ટ, જેટલો જ્ઞાનમાત્ર તે તું, એમાં સદા રુચિ કર, એમાં સદા સંતુષ્ટ થા. એમાં તૃપ્તિ કર. જેટલો જ્ઞાનમાત્ર આત્મા તેટલો તું, જેટલો પરમાર્થ સ્વરૂપ જ્ઞાન માત્ર આત્મા તેટલો તું, જ્ઞાનમાત્ર કહીને 'જ્ઞાયક તે તું' એમ કહેવા માગે છે. જેટલો સત્યાર્થ, 'જેટલો સત્યાર્થ પરમાર્થ જેટલું જ્ઞાન બેયનો, તું એમાં તૃપ્તિ કર. એમાં સંતુષ્ટ પામ, 'આમાં સદા પ્રીતિવંત બન. આમાં સદા સંતુષ્ટ, એનાથી બન તું તૃપ્ત, તને સુખ અહો ઉત્તમ થશે' અને ગુરુદેવ પણ એમ જ કહેતા હતા. 'જ્ઞાન તે તું' એમ એટલે જ્ઞાયક તે તું છો. જ્ઞાનમાત્રમાં આચાર્યદેવ કહે છે, બધું આવી ગયું. એમાં તૃપ્તિ કર, એમાં સંતોષ પામ. તને સુખ, ઈ જ્ઞાન માત્ર કહીને જ્ઞાયક કહે છે. એમાં અનંત ગુણ ભર્યા છે. એમાં અનંત આનંદ ભર્યો છે, બધું એમાં

ભર્યું છે. માટે જે અસાધારણ આત્માનો એવો જ્ઞાન ગુણ એનું જે તને લક્ષણ ઓળખાય છે, ઈ લક્ષણ દ્વારા લક્ષને ઓળખી લે. બસ ! એમાં જ બધું ભર્યું છે.

✻ ભક્તિ : નિત્ય છો, પ્રભુ નિત્ય છો, અતીત કાળે,
વર્તમાને અનાગતે હું નિત્ય છું.

✻ પ્રશ્ન : આપ જે અસ્તિત્વનું ગ્રહણ કહો છો તે પોતાના અસ્તિત્વનું ગ્રહણ કે ત્રિકાળ જ્ઞાયકની દૃષ્ટિ કરવી બન્ને એક જ બાબત છે ?

● ઉત્તર : બેય એક જ બાબત છે. એક જ્ઞાયકમાં ત્રિકાળ આવી ગયો. જે વર્તમાન જેનું અસ્તિત્વ જ્ઞાયકરૂપે છે. તે ત્રિકાળ એનું અસ્તિત્વ છે. જે વર્તમાન સત્રૂપે અખંડ જ્ઞાયક છે તો ત્રિકાળ અખંડ જ્ઞાયક જ છે.

✻ પ્રશ્ન : (બધાનો) એનો સરવાળો જ્ઞાયક.

● ઉત્તર : ઈ દૃષ્ટિ તો પોતે અંતરમાંથી જાગે તો થાય, ઈ દૃષ્ટિ માત્ર વિકલ્પ ઈ તો ભાવના કરે, લગની લગાડે, અંતરથી જેને લાગી હોય એની દૃષ્ટિ અંતરમાં જાય કે અંતરમાં જેને લગની લાગે કે જે બહાર દૃષ્ટિ અને બહારની તન્મયતાથી જે થાકી ગયો છે, અંતરમાં ક્યાંય એને ચેન નથી પડતું. બહાર દૃષ્ટિ અને બહારમાં ઉપયોગ, બહારની આકુળતાથી જેને થાક લાગ્યો છે. અને અંતરમાં કાંઈક છે, અંતરના અસ્તિત્વની જેને મહિમા લાગી છે, અંતરમાં જ બધું છે— એવી જેને અંતરથી મહિમા લાગે, તો એની દૃષ્ટિ ફરી જાય છે. તો ઈ પોતે ચૈતન્યને ગ્રહણ કરી લે છે, પોતાને જેને લાગે ઈ ગ્રહણ કર્યા વગર રહેતો નથી. નહીંતર તો એ ઉપર ઉપરથી વિચાર કર્યા કરે. બાકી દૃષ્ટિ પલટવા માટે અંતરમાંથી લગની લાગે તો દૃષ્ટિ પલટાય છે.

✻ પ્રશ્ન : પરને જાણવું બંધ કરો તો તો સ્વ જણાશે એમ કહી શકાય ?

● ઉત્તર : પરને જાણવું બંધ કરવું એમ નહીં, એક ક્ષણવાર

વિભાવમાંથી તન્મયતા છોડી એનું ભેદજ્ઞાન કર તો સ્વ જણાશે. જાણવા તરફ નહીં, પોતે પર તરફ ઉપયોગ જે રાગ અને વિકલ્પ સાથેની એકત્વબુદ્ધિ તોડી અને સ્વમાં જાય તો સ્વનું વેદન થશે. જાણવાનો તો ઉપયોગ પલટાય છે. અંદર જાણવાનો જે સ્વભાવ છે એનો નાશ થાતો નથી. જાણવાના સ્વભાવનો નાશ થાતો નથી. રાગ સાથેની એકત્વબુદ્ધિ છે એને ક્ષણવાર તોડી નાખ. ક્ષણવાર એટલે અંદરમાંથી પ્રજ્ઞાછીણી વડે એનું એવું ભેદજ્ઞાન કર તો સ્વની સ્વાનુભૂતિ પ્રગટ થશે. એક ક્ષણવારમાં. સ્વભાવ અને વિભાવમાં એવી તીક્ષ્ણ પ્રજ્ઞાછીણી વડે પોતે પોતાના સ્વ સન્મુખ થઈ જાય તો સ્વનું વેદન થાશે. એનો રાગ તોડવાનો છે, એની એકત્વબુદ્ધિથી તોડવાની છે. જાણવું એવો અનંત જાતના વિકલ્પ આવી ગયા તોયે જે અંદર પ્રત્યભિજ્ઞાન જાણવાનો સ્વભાવ એનો નાશ થાતો નથી. એનો તો નાશ થાતો નથી. રાગ છૂટી જાય છે. પણ ઈ પ્રસિદ્ધિનો લહાવો એ પોતે પુરુષાર્થ કરે તો થાય. જ્ઞાન પ્રસિદ્ધ લક્ષણ છે, ઈ લક્ષણ દ્વારા, લક્ષને ઓળખે, દ્રવ્યને ઓળખે, એની પ્રતીત કરે, એમાં લીનતા કરે અને જ્ઞાન યથાર્થ કરે તો પ્રસિદ્ધિમાં આવે. પોતે પુરુષાર્થ કરે નહીં. કેવી રીતે પ્રસિદ્ધ થાય? પ્રસિદ્ધ જ છે. એનું લક્ષણ તો પ્રસિદ્ધ છે પણ ઈ પ્રસિદ્ધિમાં લાવવો ઈ પોતાના હાથની વાત છે.

✻ પ્રશ્ન : શાસ્ત્રોનું કે આપનું માર્ગદર્શન કાંઈ?

● ઉત્તર : ગુરુદેવે તો ઘણો માર્ગ બતાવ્યો છે. પુરુષાર્થ કરવાનો પોતાને રહે છે. ગુરુદેવે સ્પષ્ટ કરી કરીને એકદમ સૂક્ષ્મ પણ જેવો હતો એવો માર્ગ ચોખ્ખો બતાવી દીધો છે કે બહાર ક્યાંય રોકાતો નહીં,. અંદર એક જ્ઞાન લક્ષણ આત્મા જ્ઞાયક છે એને જ ઓળખી લે. જ્ઞાન દ્વારા આખા જ્ઞાયકને ઓળખી લે પણ ઈ કરવાનું પોતાને છે. એટલે અંતરમાંથી ન્યારો થાય, બધા વિભાવોથી છૂટો પડીને અંતરને જ્ઞાયક લક્ષણને, એકદમ એનું લક્ષણ દ્વારા પ્રતીત દૃઢ કરે કે 'આ જ્ઞાયક તે જ હું,' ઈ જ્ઞાયકને ગ્રહણ કરે, જ્ઞાયકમાં

લીનતા કરે તો જ્ઞાયક પ્રસિદ્ધ થાય. પરિણતિ બહાર દોડે અને જ્ઞાયક પ્રસિદ્ધ કેવી રીતે થાય? પરિણતિને અંદર ઓળખીને વાળવી કે આ જ્ઞાયક છે. જ્ઞાયક તરફ પરિણતિને વાળે, તો જ્ઞાયક પ્રસિદ્ધ થાય. પરિણતિની દોડ બધી બહાર થઈ રહી છે. અંતર તરફ પરિણતિ જાતી નથી. તો જ્ઞાયક પ્રસિદ્ધ કેવી રીતે થાય? પોતે પ્રસિદ્ધિમાં બધે વિભાવ લાવ્યા કરે છે. બધા વિભાવ અને રાગ અને દ્વેષ, સંકલ્પ અને વિકલ્પ, એ એની પ્રસિદ્ધિ પોતે કરે છે. જ્ઞાયકની પ્રસિદ્ધિ અંતર પોતામાં જાય તો ઈ પોતાની પ્રસિદ્ધિ થાય. તું પ્રસિદ્ધ જ છે, બીજું કાંઈ નથી કે પોતે છુપો રહે. પોતે જ છે. પોતે પોતાને ભૂલી ગયો એ આશ્ચર્યની વાત છે. પોતે પોતાને ભૂલી જાય ઈ કેવી આશ્ચર્યની વાત છે? મોટું અંધેર છે મોટું અંધેર થઈ ગયું કે બહાર બીજાને ભૂલી જાય ઈ જુદી વાત છે. પોતે પોતાને ભૂલી ગયો, ઈ તો એક કેવી આશ્ચર્યની વાત છે! ઉત્કૃષ્ટ આનંદ પામે એવો પોતે એવો પોતે ભૂલી ગયો.

✻ પ્રશ્ન : આ મોટી ભૂલ કરી?

● ઉત્તર : આ મોટી ભૂલ! ભગવાનને ગ્રહણ કરતો નથી અને આ વિભાવને જ જોયા કરે છે. વિભાવને જ ગ્રહણ કરે છે. 'હું વિભાવવાળો થઈ ગયો છું. હું રાગી અને દ્વેષી અને બધા સંકલ્પ, વિકલ્પવાળો હું થઈ ગયો.' એવી માન્યતા થઈ રહી છે. 'એનાથી છૂટ્ટો હું તો જુદો છું. મારું સ્વ ઘર જુદું, હું સ્વતઃ તત્વ જુદો છું.' એ ભૂલી ગયો. એ ભગવાનને. અનંતકાળ ગયો એમાં 'નિજ નયનની આળસે નિરખ્યા નહીં હરિને જરી,' પોતે છે, પોતાના નયનની આળસે પોતે આંખ ખોલીને જોતો નથી. ભગવાનને નિરખતો નથી. એમાં અનંત કાળ વહ્યો ગયો. પોતે સૂતો છે, જાગતો નથી. ગુરુદેવ જગાડવા માટે પડકાર કરીને જગાડતા હતા. જાગવું પોતાના હાથની વાત છે. 'તું પરમાત્મા, તું ભગવાન, તું જાગ.' પ્રભાતે વગાડે છે. કેટલું સરસ છે. લાગે છે. 'તું પરમાત્મા છો.' ગુરુદેવ બોલે પોતે,

ત્રિલોકના પરમાત્મા વીતરાગ સર્વજ્ઞદેવની ધ્વનિમાં આવ્યું છે કે 'તું પરમાત્મા છો.' (સો ઈન્દ્રોની) સમોવશરણમાં, સો ઈન્દ્રોની ઉપસ્થિતિમાં, સમોશરણમાં લાખો કરોડો દેવોની હાજરીમાં ભગવાને કહ્યું છે કે 'તું પરમાત્મા છો.' ભગવાન તમે પરમાત્મા છો એમ તો નકકી કરવા દો. તું પરમાત્મા છો એમ નક્કી કર્યા વગર ભગવાન આ પરમાત્મા ભગવાન તને નક્કી નહીં થાય. નિશ્ચય નક્કી કર્યા વગર વ્યવહાર નક્કી થશે નહીં. ગુરુદેવ એવા પડકારથી બોલે છે. ઝણઝણાટી થાય છે. (માતાજી, ઓમ ધ્વનિ જાણે વરસી ગઈ.)

બોલો સત્ ગુરુદેવનો જય હો.

ભગવતી માતનો જય હો.

## ચલ રે ચેતનદેવ

ચલ રે ચેતનદેવ, ચૈતન્ય દરબારમાં
ચેતના તારી જગાડ રે, ચૈતન્ય રાજા તું રે...

શાંત સ્વરૂપ તું, શાંતિ પ્રદાતા તું
શાંત તારી મૂરત રાજ રે......ચૈતન્ય રાજા તું રે

મોહ-મમતાના મહેલો તું ન બાંધ રે,
સમ્યક્ત્વના રોપ તું સ્તંભ રે....ચૈતન્ય રાજા તું રે

કનક-કામિનીની જાળે ફસા ન તું
ઓળખ તું આતમદેવ રે....ચૈતન્ય રાજા તું રે.